વર્ષ ૨૦૧૬-૧૭ નવી બાબત
એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ
ધરમપુર શાળાનું બાંધકામ બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૧૬-૧૭/ન.બા.૫/ઘ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૪/૦૫/૨૦૧૬

**વંચાણે લીધા :-**

(૧) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી તા.૨૦/૧૧/૨૦૧૫નો પત્ર ક્રમાંક: ટીડી /ઇએમઆરએસ/ન.બા/ફા.નં/૧૬૬૧/૨૦૧૫-૧૬

(૨) ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેશીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન સોસાયટી, ગાંધીનગર તા.૩૧/૧૨/૨૦૧૫નો પત્ર ક્રમાંક: ટીડી /ઇએમઆરએસ /મોડેલ /૨૦૧૫/૧૭૨૯/૧૯૮૭

**પ્રસ્તાવના :-**

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેશીડેન્સીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન સોસાયટી હસ્તક ૩૦ એકલવ્ય મોડેલ રેશીડેન્સીયલ શાળાઓ કાર્યરત છે. જે શાળાઓમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહેલ છે. આ શાળાઓનું મુખ્ય ઉદ્દેશ્ય આદિજાતીના બાળકોમાં સાક્ષરતા દરમાં સુધારો લાવવાનો અને ડ્રોપ આઉટ અટકાવીને બાળકોનો અભ્યાસ પુર્ણ કરાવવાનો છે. એકલવ્ય મોડેલ રેશીડેન્સીયલ સ્કુલમાં આદીજાતી વિદ્યાર્થીનીઓને ગુણવત્તાસભર શિક્ષણ તેમજ દરેક પ્રકારની પ્રાથમિક જરુરીયાત પુરી પાડવા માટે રેહઠાણ સુવિધાની સગવડ પુરી પાડવાની રહે છે.

આમ સદરહું શાળાના બાંધકામ માટે સોસાયટી દ્વારા ગવર્નીંગ બોડીમાં નિર્ણય લઈ મોડેલ શાળાની ગાઇડલાઇન મુજબ શાળાઓના બાંધકામ માટે અંદાજીત ૪૫૦.૦૦ લાખની ટોકન રકમ વર્ષ ૨૦૧૬-૧૭ના બજેટમાં મંજુર કરવા માટે રૂ.૪૫૦.૦૦ લાખની નવી બાબતની દરખાસ્ત વંચાણે લીધા ક્રમાંક (૧) થી કરવામાં આવેલ. જેને મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. ઇ.એમ.આર.એસ શાળા ધરમપુરના બાંધકામ અંગે

નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ, ધરમપુર દ્વારા રૂ.૨૩૪૨.૯૬ લાખના અંદાજો રજુ કરવામાં આવેલ છે. જે SOR ૨૦૧૪-૧૫ આધારિત હોય, SOR ૨૦૧૫-૧૬ મુજબના અંદાજો મુજબ અંદાજિત કિંમત રૂ.૨૨૧૭.૪૬ લાખ થાય છે. એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ ધરમપુરના મકાન બાંધકામ માટે કલેક્ટરશ્રી, વલસાડ એ તા.૧૮/૧૧/૨૦૧૪ના હુકમથી એકર ૧૦-૦૦ ગુઠા જમીન ફાળવેલ છે. આ અંગે વહીવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

## ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કુલ ધરમપુર શાળાનું બાંધકામ અંગેની અંદાજિત રકમ રૂ.૨૨૧૭.૪૬ લાખને અને તેની સામે વર્ષ ૨૦૧૬-૧૭ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ રૂ.૪૫૦.૦૦ લાખ અંગેની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે:

**શરતોઃ-**

(૧) આ બાબતે વહીવટી મંજુરી અંગેના જરૂરી હુકમો કર્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(3) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૬) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષે આખરે સરન્ડર કરવાની રહેશે

(૭) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે વિભાગે તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૮) બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૯) સરકારશ્રીની પ્રવર્તમાન ખરીદી નીતિની જોગવાઇઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ /૧૦૨૦૦૫ /૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૧૨) આ યોજના જી.એસ.ટી.ડી.આર.ઇ.આઇ.એસ, ગાંધીનગર દ્વારા અમલ કરવામાં આવશે તેમજ જિલ્લાની પ્રાયોજના કચેરી સમયાંતરે સમીક્ષા કરશે.

(૧૩) આ યોજનાનું મોનીટરીંગ સંલગ્ન વડી કચેરીના પ્રોજેક્ટ કન્સલટન્ટ તથા જિલ્લા કન્સલટન્ટ દ્વારા કરવામાં આવશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માંગણી ક્રમાંકઃ ૯૬, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદરઃ ૦૨ અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદરઃ ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદરઃ ૮૯, બીસીકે – ૨૩૦ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ શાળાઓ નવી બાબત હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઇમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા૨૫/૦૪/૨૦૧૬ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હરેશ દવે )
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

- માન.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્સીયલ એજયુકેશનલ ઇન્સ્ટીટયુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.